ક્રમાંક :- જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
વિતરણ/પોલીસી/૧(૧૦)/૬૪
જીઆઇડીસી, ઉદ્યોગભવન,ગાંધીનગર.
તા.૦૭/૦૬/૨૦૧૩

// પરિપત્ર //

વિષય :- પેટા વિભાજનની નીતિમાં અંશતઃ સુધારો કરવા બાબત.

સંદર્ભ:- (૧) પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧(૧૦)/૪૩.
તા. ૦૩/૧૦/૨૦૧૨

(૨) નિગમની સભા તા.૩૦/૫/૨૦૧૩માં પસાર કરવામાં આવેલ ઠરાવ ક્રમાંક :
૭૨/વિતરણ/૪૭૩/૨૦૧૩.

પ્લોટના પેટા વિભાજન માટેની નીતિ ઉપરોક્ત સંદર્ભદર્શિત પરિપત્રથી જારી કરવામાં આવેલ જેની સામાન્ય શરતોના ક્રમાંક : ૨ માં પેટા વિભાજન માટે ૨૦% ગ્રાઉન્ડ કવરેજના બાંધકામ સાથે છેલ્લા ત્રણ વર્ષના વિજ અને પાણી વપરાશના બીલો રજુ કરવા જરૂરી ગણાવેલ. પરંતુ તે બાબત નિગમની તબદીલી અંગેની નીતિ સાથે સુસંગત ન હોવાથી તબદીલીની નીતિને સુસંગત રહે તે માટે નિગમની સભાએ પેટા વિભાજનની નીતિમાં સુધારો કરી સર્વાનુમતે વપરાશના પુરાવા માટે ૨૦% ગ્રાઉન્ડ કવરેજના બાંધકામ સાથે છેલ્લા એક વર્ષના વિજ અને પાણી વપરાશના બીલો રજુ કરવાને માન્ય ગણેલ હોવાથી તા. ૩.૧૦.૨૦૧૨ ના ઉપરોક્ત નિર્દિષ્ટ પરિપત્રની અન્ય જોગવાઇઓ યથાવત ગણી પેટા વિભાજન અંગેની મંજુરી માટેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

વધુમાં આ નીતિના અમલની તમામ સત્તા નિગમના માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને હસ્તક સોંપવામાં આવેલ છે.

ઉપરોક્ત પરિપત્ર મળ્યા અંગેની પહોંચ તમામ ક્ષેત્રિય કચેરીના વિતરણ અધિકારીશ્રીએ કાર્યપાલક નિયામકશ્રી વિતરણને નામ જોગ પત્ર ધ્વારા પાઠવવાની રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.

<u>નકલ જયભારત સહ રવાના:</u>

- પ્રમુખશ્રી ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન અમદાવાદ......તરફ જાણ સારૂ.
- પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો........... તરફ જાણ સારૂ.
- મેનેજરશ્રી (એસ એન્ડ એ), જીઆઇડીસી, ગાંધીનગર.......નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ

રવાના કર્યું,
[signature]
જનરલ મેનેજર (ઇ એન્ડ એ)